# ઉજ્જીવન ફાઈનાન્શિયલનો આઈપીઓ તા. ૨૮મીએ ખૂલશે

અમદાવાદ, તા. ૨૫

ઉજ્જીવન ફાઈનાન્શિયલ સર્વિસસી લિમિટેડ ('યુએફએસ' અથવા 'કંપની') નોન બેન્કિંગ ફાઈનાન્શિયલ કંપની માઈક્રો ફાઈનાન્સ ઈન્સ્ટિટ્યૂશન ('એનબીએફસી-એમએફઆઈ') છે. જેણે ૨૦૦૫માં નોન બેન્કિંગ ફાઈનાન્શિયલ કંપની ('એનબીએફસી') તરીકે કામગીરી શરૂ કરી હતી. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ સુધી યુએફએસ ૪૭૦ શાખાઓ અને ૭,૮૯૨ કર્મચારીઓના નેટવર્ક મારફતે ૨૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨૭.૭ લાખ સક્રિય ગ્રાહકોને સેવા આપતી હતી. કંપનીનો આઈપીઓ ૨૮ એપ્રિલ, ૨૦૧૬ના રોજ ખુલશે અને ૦૨ મે, ૨૦૧૬ના રોજ બંધ થશે. તેની પ્રાઈઝ બેન્ડ રૂ.૧૦ની ફેસ વેલ્યૂ ધરાવતા ઈક્વિટી શેર દીઠ રૂ.૨૦૭થી રૂ.૨૧૦ છે. એન્કર ઈન્વેસ્ટર બિડ-ઓફરનો સમયગાળો બિડ-ઓફર ઓપનિંગની તારીખના એક દિવસ અગાઉ એટલે કે ૨૭ એપ્રિલ, ૨૦૧૬ના રોજ રહેશે.

આઈપીઓમાં કંપનીના કુલ રૂ.૩,૫૮૧.૬૧ મિલિયનના નવા ઈક્વિટી શેર ઈસ્યૂ થશે અને એલીવર, એફએમઓ, આઈએફસી, આઈએફઆઈએફ, એમયુસી, સર્વ કેપિટલ, ડબલ્યુસીપી અને ડબલ્યુડબલ્યુસી દ્વારા ૨૪,૯૯૮,૩૩૨ ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ (ઓએફએસ) ઈસ્યૂ થશે. બીઆરએલએમ સાથે પરામર્શમાં કંપનીએ કુલ રૂ. ૨,૯૧૮,૩૯ મિલિયનનું મૂલ્ય




ધરાવતા ૧૪,૨૩૬,૦૫૭ ઈક્વિટી શેરનું પ્રી-આઈપીઓ પ્લેસમેન્ટ પૂર્ણ કર્યું છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ના ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસમાં જાહેર કર્યા મુજબ નવા શેરની સાઈઝમાં રૂ. ૯,૫૦૦ મિલિયન મુજબ ઘટાડો થયો છે.

બુક બિલ્ડિંગ પ્રોસેસ મારફતે કરવામાં આવેલી ઓફરમાં ઓફરનો ૫૦ ટકા હિસ્સો પ્રમાણસર આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ ('ક્યુઆઈબી પોર્શન')ને ફાળવવામાં આવશે. બીઆરએલએમ સાથે પરામર્શમાં કંપની અને વિક્રેતા શેરધારકો વિવેકને આધારે એન્કર રોકાણકારોને એન્કર ઈન્વેસ્ટર એલોકેશન પ્રાઈસ પર ક્યુઆઈબી પોર્શનને ૬૦ ટકા સુધીનો હિસ્સો ફાળવી શકે છે. ('એન્કર ઈન્વેસ્ટર પોર્શન'). એન્કર ઈન્વેસ્ટર પોર્શનનો ઓછામાં ઓછો ૩૩ ટકા હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ માટે અનામત રાખવામાં આવશે, જે એન્કર ઈન્વેસ્ટરર એલોકેશન પ્રાઈસ પર કે તેનાથી વધારે કિંમત પર સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ પાસેથી પ્રાપ્ત થયેલી માન્ય બિડ્સને આધિન છે.

કંપની નવા ઈશ્યૂ કરાયેલા શેરમાંથી જે આવક થશે તેનો ઉપયોગ તેનો મૂડીગત આધાર વધારવા માટેની યોજના ધરાવે છે.

ઓફરના બીઆરએલએમ કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ, એક્સિસ કેપિટલ લિમિટેડ, આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝ લિમિટેડ અને આઈઆઈએફએલ હોલ્ડિંગ્સ લિમિટેડ છે, જ્યારે કાર્વી કમ્પ્યૂટરશેર પ્રાઈવેટ લિમિટેડ ઓફર રજિસ્ટ્રાર છે.

કંપનીના ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ અન એનએસઈ પર થશે.